# ઓન્ટેરિયો પ્રગતિ અહેવાલ આપે છે અને પોતાની નિર્માણ યોજના આગળ વધારે છે

## *આર્થિક અનિશ્ચિતતા અને વૈશ્વિક ફુગાવાના સમયમાં ઓન્ટેરિયોનું 2022 પાનખર આર્થિક કથન (ફૉલ ઇકોનોમિક સ્ટેટમેન્ટ)*

ટોરોન્ટો — આજે, મિનિસ્ટર ઑફ ફાઇનાન્સ Peter Bethlenfalvy (પીટર બેથલેનફાલ્વી)એ *2022 ઓન્ટેરિયો ઇકોનોમિક આઉટલૂક અને રાજકોશીય સમીક્ષા – ઓન્ટેરિયોની નિર્માણ યોજના: એક પ્રગતિ અપડેટ* તેમાં ઓન્ટેરિયોમાં નિર્માણ કરવા સરકારની પોતાની યોજના પર પહેલી વાર પ્રગતિ અહેવાલ સમાવાયો છે, તેમજ નવા લક્ષ્યાંકિત ઉપાયો જે અર્થતંત્ર સદ્ધર બનાવવા પોતાની યોજનાને આગળ ધપાવે છે, પ્રોવિન્સમાં કામદારોની અછતને સંબોધે છે અને કુટુંબો અને ધંધાઓને ખર્ચાઓ નીચે રાખવામાં મદદ કરે છે.

સરકાર ઓન્ટેરિયોના આર્થિક અને રાજકોશીય દૃષ્ટિબિંદુ (આઉટલૂક) પર અદ્યતન માહિતી પણ પૂરી પાડી રહી છે, પોતાની લચીલી અને જવાબદાર યોજનાથી અનિશ્ચિતતા અને જોખમને કાબૂમાં રાખવા કેવી રીતે તૈયાર રહેવું તેની ઝાંખી પ્રોવિન્સને કરાવીને કારણ કે દુનિયા ઉચ્ચ ફુગાવો અને ઉભરતા આર્થિક પડકારોનો સામનો કરી રહ્યું છે.

"સાથે મળીને, આપણે ઘણું હાંસલ કર્યું છે," મિનિસ્ટર Bethlenfalvy (બેથલેનફાલ્વી)એ જણાવ્યું. "રોકાણો અને સારી નોકરીઓ આકર્ષવાથી માંડીને, હજારો કાર્ય કુશળ કામદારોને તાલીમ આપવી અને કુટુંબીજનો માટે ખર્ચાઓ નીચા રાખવામાં મદદ કરવા સુધી, આપણે નોંધપાત્ર પ્રગતિ કરી છે. આપણે આ અનિશ્ચિત આર્થિક સમયમાંથી પસાર થઈ રહ્યાં છીએ ત્યારે, આપણી સરકાર નવા લક્ષ્યાંકિત ઉપાયો વડે પોતાની યોજના વધારી રહી છે જે કુટુંબો, વડીલો અને નાના ધંધાઓને સહાયરૂપ બને."

સરકારની યોજનાને આગળ ધપાવતા લક્ષ્યાંકિત ઉપાયોની ઝાંખીઓમાં સામેલ છે:

- સ્વૈચ્છિક સ્વચ્છ ઊર્જા (વોલ્યન્ટરી ક્લીન એનર્જી) ક્રેડિટ રજીસ્ટ્રી શરૂ કરીને સ્પર્ધાત્મકતા વધારવી, નોકરીઓ આકર્ષવી અને ધંધાઓ જે રીતે પોતાના પર્યાવરણલક્ષી અને કાયમી લક્ષ્યો હાથમાં લે છે તેમાં તેઓને વધુ પસંદગી પૂરી પાડવી, જે દરખાસ્ત હેઠળના કાયદાથી સક્ષમ હોય.
- આગામી ત્રણ વર્ષો સુધી ઓન્ટેરિયોના નાના ધંધાઓને આવકવેરામાં $185 મિલિયન જેટલી રાહત પૂરી પાડવી, જેનાથી નાના ધંધાના વેરા દરના તબક્કાવાર દરખાસ્ત હેઠળના વિસ્તરણ મારફતે આશરે 5,500 જેટલા નાના ધંધાઓને લાભ મળે.
- નાના ધંધાના મિલકત પેટાવર્ગને અપનાવતી બધી મ્યુનિસિપાલિટીઓમાં નાના ધંધાઓ માટે મિલકત વેરામાં ઘટાડાને સ્વચાલિત રીતે સુમેળયુક્ત બનાવવો.

- ODSP પરની અશક્ત વ્યક્તિ માટે માસિક આવકમાં છૂટને $200 થી વધારીને દર મહિને $1,000 જેટલી કરીને તેઓને પોતે કમાયેલા નાણાં વધારેને વધારે રાખવા દે તેવા ફેરફારો કરવા. આનાથી હાલમાં (વર્કફોર્સમાં) કાર્યરત લગભગ 25,000 વ્યક્તિઓ પોતાની વધારે આવક રાખી શકશે અને તે 25,000 વધુ વ્યક્તિઓને વર્કફોર્સમાં સહભાગી થવા પ્રોત્સાહિત કરી શકે છે.
- વાર્ષિક ધોરણે ગંભીરપણે અશક્ત બાળકો માટે સહાયતા (Assistance for Children with Severe Disabilities) કાર્યક્રમ માટે મહત્તમ માસિક રકમને ફુગાવા સાથે સમાયોજિત કરવાનું આયોજન જુલાઇ 2023 થી શરૂ કરવાનું છે.
- ઓન્ટેરિયો ડિસેબિલિટી સપોર્ટ પ્રોગ્રામ (Ontario Disability Support Program - ODSP) હેઠળના મુખ્ય ભથ્થાઓને જુલાઈ-2023 થી શરૂ કરીને, ફુગાવાને વાર્ષિક ધોરણે સમાયોજિત કરવાનું આયોજન કરીને ઓછી આવક ધરાવતા લોકો માટે વધતા ખર્ચને કાબૂમાં રાખવામાં મદદ કરવી.
- સ્કીલ્સ ડેવલપમેન્ટ ફંડ (Skills Development Fund) માં ભંડોળના અદ્યતન રાઉન્ડ માટે કુલ $145 મિલિયન માટે, 2022-23 માં વધારે $40 મિલિયનનું રોકાણ કરીને, જેના થકી 393,000 ઉપરાંત લોકોને પહેલેથી ઇન-ડિમાન્ડ ઇન્ડસ્ટ્રીઝમાં તેઓની કારકિર્દીમાં આગળનું પગલું ભરવામાં મદદ કરી છે.
- ડ્યુઅલ ક્રેડિટ (Dual Credit) પ્રોગ્રામ વિસ્તારવા, 2023-24 માં શરૂ કરીને, બે વર્ષમાં વધારે $4.8 મિલિયનનું રોકાણ કરીને, વધારે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને કુશળ વેપારમાં કે પ્રારંભિક બાળપણના શિક્ષણમાં કારકિર્દીમાં પ્રવેશવા પ્રોત્સાહિત કરે છે.
- ગેસ વેરો અને ઇંધણ વેરાના દરોમાં કપાત લંબાવવાની દરખાસ્તથી ગેસોલિન અને ઇંધણ (ડીઝલ) પર વેરાનો દર 31 ડિસેમ્બર, 2023 સુધી લીટર દીઠ 9 સેન્ટ રહેશે.
- જાન્યુઆરી 2023 થી શરૂ કરીને 12 મહિના સુધી તમામ લાભાર્થીઓ માટે Guaranteed Annual Income System (બાંહેધરીકૃત વાર્ષિક આવક સિસ્ટમ) ચૂકવણી બમણી કરવાની દરખાસ્ત મૂકીને ઓન્ટેરિયોના સૌથી ઓછી આવક ધરાવતા આશરે 200,000 વડીલો માટે ખર્ચાઓને કાબૂમાં રાખવામાં મદદ કરવી, જે 2023 માં વ્યક્તિ દીઠ લગભગ $1,000 નો મહત્તમ વધારો થશે.
- સ્થાનિક અને વિદેશી ફિલ્મ અને ટેલિવિઝન પ્રોડક્શનને પ્રોવિન્સમાં આકર્ષવામાં મદદ કરવા અને સમગ્ર ઓન્ટેરિયોના સમુદાયોમાં વધારે સ્થળો પર ફિલ્માંકનને પ્રોત્સાહિત કરવા લોકેશન ફી સમાવવા Ontario Production Services Tax Credit (ઓન્ટેરિયો પ્રોડક્શન સર્વિસીસ ટેક્સ ક્રેડિટ) માટે પાત્ર ખર્ચાઓને વિસ્તારવાની દરખાસ્ત મૂકવી.

"આપણે એલિવેટેડ (બહુ વધેલા) ફુગાવાના સમયમાંથી પસાર થઈ રહ્યાં છીએ જે રોજિંદા માલસામાન અને સેવાઓની કિમતોમાં વધારો કરીને ઘરના બજેટને તાણમાં લાવી રહ્યું છે," મંત્રી Bethlenfalvy (બેથલેનફાલ્વી)એ કહ્યું. "પરંતુ મને ઓન્ટેરિયોના અર્થતંત્ર, તેના કામદારો અને તેના લોકોની સ્થિતિસ્થાપકતામાં વિશ્વાસ છે. અને મને આપણું રાજકોશીય લચીલાપણું જાળવવામાં અમારી સરકારની યોજનામાં વિશ્વાસ છે, જેથી અમે ભવિષ્ય માટે નિર્માણ કરતી વખતે લોકો અને ધંધાઓ માટેની લક્ષ્યાંકિત સહાયતા આજે કરી શકીએ છીએ."

સરકારના સૌથી પહેલા બિલ્ડિંગ ઓન્ટેરિયો પ્રોગ્રેસ રિપોર્ટ (Building Ontario Progress Report) ની ઝાંખીઓ:

- છેલ્લાં બે ઉપરાંત વર્ષોમાં ઇલેક્ટ્રિક વાહનની બેટરીઓ અને બેટરી સામગ્રીઓના વૈશ્વિક ઓટોમેકર્સ અને સપ્લાયર્સ દ્વારા ઓન્ટેરિયોમાં પરિવર્તનશીલ ઓટોમોટિવ રોકાણોમાં $16 બિલિયન આકર્ષ્યાં છે.

- ગયા વર્ષમાં $2.5 બિલિયનના રોકાણો આકર્ષ્યાં જે સ્ટીલ ક્ષેત્રમાં પરિવર્તનને ટેકો આપશે અને પ્રોવિન્સને લો-કાર્બન સ્ટીલના દુનિયાભરમાં અગ્રણી ઉત્પાદક બનાવવામાં મદદ કરશે.
- પગારોનો ખર્ચ ઘટાડવો અને વીજળીના દરોમાં રાહત આપવા જેવા કાર્યો દ્વારા, 2022 માં અંદાજિત $8.7 બિલિયન ખર્ચાઓમાં બચતો અને ઓન્ટેરિયોના ધંધાઓને ટેકો આપતા, જેમાં $4.0 બિલિયન નાના ધંધાઓ માટે રાખવા.
- ઓન્ટેરિયોની સૌથી પહેલી ખનીજોની નિર્ણાયક વ્યૂહરચના (Critical Minerals Strategy) અને બધી ઋતુઓ રિંગ ઑફ ફાયરના માર્ગે દોરી જાય જેવી જટિલ વારસાની માળખાગત સગવડોને ટેકો આપવા માટે લગભગ $1 બિલિયનની કટિબદ્ધતા સાથે, રિંગ ઑફ ફાયરમાં રહેલા ખનીજો સહિતના ખનીજોની આર્થિક સંભાવનાને મુક્ત કરવી.
- 2018 અને 2020 વચ્ચેના વર્ષોમાં ઓન્ટેરિયોએ એપ્રેન્ટિસશિપ પ્રોગ્રામ્સમાં 71,700 થી વધારે નવી નોંધણીઓ કરીને, 25,000 થી વધારે એપ્રેન્ટિસશિપના પ્રમાણપત્રો (Certificates of Apprenticeship) અને 5,600 લાયકાતના પ્રમાણપત્રો (Certificates of Qualification) આપવાની સાથે, કુશળ વેપારોને સહાયતા કરવાનું ચાલુ રાખ્યું છે.
- 2020 થી નર્સો અને પર્સનલ સપોર્ટ વર્કર્સ સહિત 11,700 ઉપરાંત હેલ્થકેર વર્કર્સ ઉમેરીને; તેમજ 800 ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષિત નર્સો જેઓ સરકારી ભંડોળના કાર્યક્રમો દ્વારા ઓન્ટેરિયોમાં લાઇસન્સધારક નર્સો બની છે.
- હાઇવે 413 (Highway 413) અને બ્રેડફોર્ડ બાયપાસ (Bradford Bypass) બનાવવા અને હાઇવે 401 (Highway 401) ને વિસ્તારવા સહિત, સમુદાયોને જોડવા, ગ્રીડલોક સામે લડવા અને સમગ્ર પ્રોવિન્સમાં માલસામાનની હેરફેર અને લોકોની અવરજવર ચાલુ રાખવા આગામી 10 વર્ષોમાં હાઇવે વિસ્તરણ અને પુનર્વસનમાં અંદાજે $25.1 બિલિયન.

## *હકીકતો પર ઝડપી નજર*

- સરકારના નિયંત્રણ બહારના વિવિધ પરિબળોથી ચલિત, વૈશ્વિક આર્થિક સ્થિતિઓ અનિશ્ચિત રહેતી હોવાથી, સરકારે ઝડપી વૃદ્ધિ અને ધીમી વૃદ્ધિના પરિપ્રેક્ષ્યો વિકસાવ્યા છે કે જેને અર્થતંત્ર આગામી કેટલાક વર્ષોમાં વૈકલ્પિક આર્થિક પરિપ્રેક્ષ્યો ઓન્ટેરિયોને કેવી રીતે અસર કરી શકે છે તે વિશે વધુ પારદર્શકતા પૂરી પાડવા લઈ શકે છે.
- સરકાર પ્રવર્તમાન આર્થિક અનિશ્ચિતતા અને રાજકોશીય પડકારોને ધ્યાનમાં રાખીને પ્રોવિન્સની માળખાગત ખાધને દૂર કરવા કટિબદ્ધ છે, અને ઓન્ટેરિયોના નાણાંને સંતુલિત કરવા પોતાના પ્રયત્નોને ફરીથી બમણા કરી રહી છે.
- સરકાર હવે 2022-23માં $12.9 બિલિયનની ખાધનો અંદાજ લગાવી રહી છે, જે *2022 નાં બજેટ*માં પ્રકાશિત અંદાજ કરતાં લગભગ $7 બિલિયન ઓછી છે.
- મધ્યમ ગાળામાં, સરકાર 2023-24 માં $8.1 બિલિયન અને 2024-25 માં $0.7 બિલિયન જેટલી ખાધ ઘટવાનો અંદાજ રાખે છે. 2022–23 ને સમાવતા, આ ખાધના અંદાજમાં $18.1 બિલિયનના સંચિત સુધારાને દર્શાવે છે અને *2022 નાં બજેટ*ની સરખામણીમાં ઉધારીમાં સંચિત $26.1 બિલિયનનો ઘટાડો દર્શાવે છે.

**વધારાના સંસાધનો**

*2022 ઓન્ટેરિયો ઇકોનોમિક આઉટલૂક અને રાજકોશીય સમીક્ષા – ઓન્ટેરિયોની નિર્માણ યોજના: એક પ્રગતિ અપડેટ*

વાંચો *પશ્ચાદભૂ: નાણાકીય અને રાજકોષીય વિહંગાવલોકન (Economic and Fiscal Overview)*

ઝાંખી વાંચો, *ઓન્ટેરિયોની નિર્માણની યોજનાની: એક પ્રગતિ અપડેટ*

ખર્ચાઓ ઘટાડવા અને સરકાર રાહત આપી રહી છે ત્યારે સરકારની યોજના વિશે વધુ વાંચો

વાંચો *2022 નું બજેટ: ઓન્ટારિયોનું નિર્માણ કરવાની યોજના*

---

**મિડિયા સંપર્કો**

**ontario.ca/finance-news**
*Disponible en français*


Emily Hogeveen (**એમિલી હોગવીન**)
મંત્રીનું કાર્યાલય
647-294-6166
Emily.Hogeveen@ontario.ca

Scott Blodgett (**સ્કોટ બ્લોજેટ**)
સંદેશાવ્યવહાર શાખા
416-728-9791
Scott.Blodgett@ontario.ca